સંક્ષિપ્ત સમાચાર

સંસારમાં રહીને નિષ્પાપ જીવન જીવવું અશક્ય છે : પદ્મદર્શનવિજયજી

સુરત : સોમનાથ રોડ બિલીમોરા સ્થિત શ્રી ગૌહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજની પાવન નિશ્રામાં 'સંયમ ઉપકરણ વંદનાવલી'નો એક ધાર્મિક કાર્યક્રમ સંગીતની સૂરાવલી સાથે રજૂ થયો હતો. સંયમજીવનમાં તમામ ઉપકરણોનો સંપૂર્ણ લાભ સીતાબેન કાંતિલાલ શાહ અનાવલવાળા પરિવારે ખૂબ ઉદારતા સાથે લીધો હતો. સંગીત સૌન્દર્ય સાહીલ શાહ તપોવનીએ બતાવ્યું હતું. સંયમજીવનના પ્રત્યેક ઉપકરણોનું મહત્વ પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે સમજાવ્યું હતું. આ પુનિત અવસરે મોટી સંખ્યામાં ભાવુકો હાજર રહ્યા હતા. સવારે ૯ થી ૧૨ ના ત્રણ કલાકના કાર્યક્રમ બાદ શ્રી ગૌહરબાગ જૈન સંઘ દ્વારા પ્રીતિભોજનનો કાર્યક્રમ ગોઠવાયો હતો. પ્રત્યેક ઉપકરણોના ચઢાવા વિવિધ આરાધનામાં બોલાયા હતા. રજોહરણ પ્રાપ્તિનો ચઢાવો બોલનારા પુણ્યવાનોને ઓઘો મળતાં મન મૂકીને આંખના આંસુ સાથે ઝૂમી ઊઠ્યા હતા. શ્રોતાઓએ તાળીઓથી તેમને વધાવ્યા હતા. આ સુવર્ણ અવસરે પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે કહ્યું હતું કે માનવજીવન મુનિ થવા માટે મળ્યું છે. સાધના કરવા માટે સંયમ સ્વીકાર જરૂરી છે. સંસાર ૧૮ પાપસ્થાનકોનું પાયખાનું છે. સંસારમાં રહીને નિષ્પાપ જીવન જીવવું અશક્ય છે. સંયમ જીવનમાં પાપ કરવું મુશ્કેલ છે. સંયમ જીવનમાં સદગુરુનું નિયંત્રણ હોવાથી ઘણાં પાપોથી તમે સહજ રીતે બચી જાઓ છો. સંસારમાં સ્વાતંત્રતા અને સ્વચ્છંતા પાર વિનાની છે. કોઈ કોઈને માથે રાખવા તૈયાર નથી. રજોહરણ (ઓઘો) કર્મની રજકણો દૂર કરવા માટે છે. મુહપતિ એ મૌનનું પ્રતિક છે. તમારે બોલવાનું જ નથી પણ ક્યારેક બોલવું પડે તો મુહપતિ (મોઢા આગળ સફેદ કપડાનો ટૂકડો) નો ઉપયોગ કરવાનો છે. જેના દ્વારા તૃપ્તિ થાય તેને તરપણી કહેવાય.

સુરત-નવસારી આહીર સમાજ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પલસાણા: સુરત અને નવસારી જિલ્લા આહીર સમાજ દ્વારા રવિવારે પલસાણા ખાતે એક ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ 1660 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનો મુખ્ય હેતુ થેલેસેમિયા અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરવાનો હતો. આ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ, નવસારીના રાકેશ દેસાઇ, સુરત મનપાના કોર્પોરેટર જીતુભાઈ કાછડ, મનપા હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ મનીષા આહીર, અને નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આહીર સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ આહીર ઉપ પ્રમુખ બાલુભાઈ આહીર, મંત્રી મોહનભાઇ આહીર દીપકભાઈ આહીર આગેવાનોએ સમાજના પરંપરાગત પહેરવેશ પહેરનાર વ્યક્તિનું વિશેષ સન્માન કર્યું હતું.

ઉમરગામ અને સંજાણ, સોળસુંબામાં પોલીસના મેગા કોમ્બિંગથી ફફડાટ

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ પોલીસ દ્વારા ઉમરગામ શહેર તથા સંજાણ સોળસુંબા વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવતા ફફડાટ મચી જવા પામ્યો હતો. ઉમરગામમાં ગુનાખોરી અટકાવવા પોલીસ દ્વારા બહુદા પરપ્રાંતિય વસ્તી ધરાવતા ઉમરગામ શહેર ગાંધીવાડી વિસ્તારમાં તથા સંજાણ અને સોળસુંબા ગામના અલગ અલગ વિસ્તારમાં મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે ભાડુઆતના ડોક્યુમેન્ટો તથા ચાલીઓમાં સીસીટીવી કેમેરા લગાડેલા છે કે કેમ તે ચેક કર્યા હતા અને ગુનાઓ દાખલ કર્યા હતા વધુમાં મહત્વના પોઇન્ટ ઉપર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ઉમરગામના પીઆઇ ચૌધરી, નારગોલ મરીન પોલીસના પી.આઈ વળવી મળી ત્રણ પી.આઈ તથા પાંચ પીએસઆઇ, એએસઆઇ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ વિગેરે મળી કુલ 100 જણાનો સ્ટાફ આ કોમ્બિંગમાં જોડાયો હતો.

છીરીના એપાર્ટમેન્ટમાંથી 2 કિલોગ્રામ ગાંજા સાથે પુત્રી ઝડપાઈ, માતા વોન્ટેડ

વાપી : વાપી નજીકના છીરી ખાતે એક એપાર્ટમેન્ટમાંથી વલસાડ એસઓજી ટીમે 2 કિલોગ્રામના ગાંજાના જથ્થા સાથે પુત્રીને ઝડપી પાડી હતી, જ્યારે તેની માતાને વોન્ટેડ બતાવી હતી. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરવામાં આવી હતી. સુરત પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ વલસાડ એસઓજી ટીમને મળેલી બાતમીના આધારે, વાપી નજીકના છીરી ગામ, ક્રિષ્નાપાર્ક, સાંઈકૃપા એપાર્ટમેન્ટના રૂમ પર રેઈડ કરી હતી. ઘરમાં હાજર મહિલાનું નામ પૂછતા આફરીન ખાતુન શહીદ ખાન (ઉ.25) હોવાનું જણાવ્યા બાદ પોલીસે ઘરની તલાશી કરતા પ્લાસ્ટિકની થેલીમાંથી શંકાસ્પદ ગાંજા જેવો વનસ્પતિજન્ય પદાર્થ મળી આવ્યો હતો. જે બાદ એફએસએલ ટીમ દ્વારા ચકાસણી કરાતા ગાંજો (વજન 2.419 કિલોગ્રામ કિંમત 24,190) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતા આ ગાંજાનો જથ્થો તેની માતા નસરીનાખાતુન (રહે.ચુપી) મારફત મેળવેલો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાંજાનો જથ્થો, મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 30,190નો મુદ્દામાલ કબજે કરી જથ્થો આપનાર માતા નસરીનાખાતુનને વોન્ટેડ બતાવી વાપી ડુંગરા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી હતી.

લાકડમાળથી ખેરના લાકડાં ભરેલી કાર ઝડપાઈ

આસીફ શેખ

ધરમપુર : ધરમપુર વન વિભાગે પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ ગાડીનો પીછો કરી ગેરકાયદે ભરેલા હાથ ઘડતરીના રૂપિયા 15,000ની કિંમતના ખેરના લાકડા પકડી પાડ્યા હતા. વન વિભાગ સ્ટાફે પીછો કરતા ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો હતો. ધરમપુર રેંજના રાઉન્ડ ફોરેસ્ટર શક્તિસિંહ ચાવડા, વસંત પાડવી, કનુસિંહ ઝાલા, કૌલવ પટેલ તથા બીટ ગાર્ડ ધનેશ પરમાર સહિતના સ્ટાફે બાતમીના આધારે લાકડમાળ-તીસ્કરી રોડ ઉપર વોચ ગોઠવી હતી. રાત્રીના સમય દરમ્યાન કાર આવતા રોકવા માટે ઈશારો કરતા વન વિભાગની ટીમને નિહાળી વાહન ભગાવી મૂક્યું હતું. જેથી વન વિભાગની ટીમે પીછો કરતાં લાકડમાળમાં ચાલક વાહન ભાગી છૂટ્યો હતો. વન વિભાગે ગાડીમાં કરેલી તપાસમાં અંદર લાકડા ભરવા મોડીફાઇડ કરાયું હોવાનું જણાયું હતું. જેની તપાસમાં લીલી નેટ વડે ઢાંકેલી હાલતમાં ખેરના છોલેલા લાકડા નંગ-63 ઘનમીટર 0.317 મળી આવ્યા હતા. વન વિભાગે લાકડા તથા વાહન મળી કુલ રૂપિયા 85,000નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લેવાયો હતો. આગળની તપાસ ધરમપુરના આરએફઓ હિરેન પટેલે હાથ ધરી છે.

વરસાદથી સાપુતારાનું સૌંદર્ય ખીલી ઉઠ્યું

ગુજરાતનાં ડાંગ જિલ્લાના પ્રવાસનધામ સાપુતારામાં પ્રવાસીઓની ભીડ

આહવામાં 2.24 ઈંચ, વઘઈમાં 1.12 ઈંચ તથા સાપુતારામાં 17 મીમી અને સુબીરમાં 5 મીમી વરસાદ નોંધાયો

ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા પંથકમાં છેલ્લા એક સપ્તાહ સુધી વરસાદી માહોલે વિરામ લીધા બાદ આજરોજ હળવા વરસાદી ઝાપટાથી ફરી જીવંત બની ગયુ છે. રવિવારે સાંજે 4 વાગ્યા બાદ શરૂ થયેલા વરસાદે સમગ્ર વિસ્તારને ધુમ્મસની સફેદ ચાદરથી ઢાંકી દીધો હતો. જેના કારણે વાતાવરણ અત્યંત આહલાદક અને મનમોહક બન્યુ છે.

આ મિની કાશ્મીર જેવા માહોલનો આનંદ માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં સાપુતારા ઉમટી પડ્યા છે. રસ્તા પર ધુમ્મસની ઘટ્ટતા એટલી હતી કે વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. વરસાદી માહોલ અને ધુમ્મસના અદ્ભુત સંયોજનનો અનુભવ કરવા માટે પ્રવાસીઓએ સાપુતારાના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. અને સનસેટ પોઈન્ટ અને સનરાઈઝ પોઈન્ટ જેવા સ્થળોએ પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી. ઘણા પ્રવાસીઓ વરસાદમાં ભીંજાવાનો આનંદ માણતા હતા. આ માહોલની સાથે જ, સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોના ચહેરા પર પણ રોનક પાછી ફરી હતી. વરસાદ અને ઠંડીના કારણે ગરમ વાનગીઓનો ધંધો તેજીમાં આવ્યો છે. આજરોજથી વરસાદી માહોલ જામતા સાપુતારા સહિત આસપાસના ગિરાધોધ, ગિરામાળ અને પંપા સરોવર જેવા સ્થળોની સુંદરતામાં પણ વધારો થયો છે. આમ, ફરી એકવાર સાપુતારાનું સૌંદર્ય ખીલી ઉઠ્યું હતુ.

હળવા ઝાપટાં વચ્ચે નવસારીમાં ગરમીમાં થોડી રાહત

નવસારી : રવિવારે સવારથી વરસાદના ઝાપટાં પડતા રહ્યા હતા. જો કે સાવ હળવો વરસાદ વચ્ચે આખો દિવસ વાદળીયું વાતાવરણ રહ્યું હતું. તેને કારણે તાપમાનમાં થોડો ઘટાડો થતાં ગરમીમાં થોડી રાહત થઈ હતી. રવિવારે સવારે 6 થી સાંજે 4 વાગ્યા સુધીના 10 કલાક દરમિયાન નવસારીમાં 1 મીમી, ગણદેવીમાં 2 મીમી અને ચીખલીમાં 5 મીમી વરસાદ પડ્યો હતો. એ સિવાય જલાલપોર, વાંસદા અને ખેરગામમાં વરસાદે વિરામ લીધો હતો. હળવા વરસાદને કારણે વાતારણમાં થોડી ઠંડક વર્તાઈ હતી. શનિવારે મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી હતું, જે ઘટીને રવિવારે 30.5 ડિગ્રી થયું હતું. જ્યારે લઘુતમ તાપમાન નજીવું વધીને 24 ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણે સવારે 92 ટકા અને સાંજે 89 ટકા હતું.

આહવામાં મળસ્કે ચારથી છ વાગ્યાની બે કલાકમાં 1.76 ઇંચ વરસાદ વરસ્યો

ડાંગ જિલ્લાનાં આહવા પંથકમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી, જ્યારે વઘઇ પંથકમાં મધ્યમ વરસાદ નોંધાયો. ડાંગ જિલ્લાનાં આહવા અને વઘઇ પંથકમાં શનિવારે સાંજે છ વાગ્યા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેમાં સુબિર અને સાપુતારા પંથકમાં હળવો વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લામાં 24 કલાકમાં આહવા પંથકમાં 2.24 ઈંચ, વઘઈ પંથકમાં 1.12 ઈંચ તથા સાપુતારા પંથકમાં 17 મીમી અને સુબીર પંથકમાં 5 મીમી વરસાદ નોંધાયો હતો. આહવામાં રવિવારે મળસ્કે ચારથી છ વાગ્યા સુધી બે કલાકમાં 1.76 ઈંચ વરસાદ વરસતા પાણી પાણી થઈ જવા પામ્યું હતુ.

વલસાડમાં NDPS ગુનાના એક આરોપીની ધરપકડ

વલસાડ : ડુંગરી પોલીસને લાંબા સમયથી નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને પકડી પાડવામાં મોટી સફળતા મળી છે. ડુંગરી પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ, પોલીસની ટીમે ગુનાની કેસ ડાયરી, ચાર્જશીટ અને સંબંધિત દસ્તાવેજોનો અભ્યાસ કરી ગુપ્ત બાતમીના આધારે આરોપી હાલ નાશીક (મહારાષ્ટ્ર) ખાતે રહેતો હોવાની માહિતી મેળવી હતી. તાત્કાલિક પોલીસ ટીમને નાશીક મોકલી આરોપીને ઝડપવામાં આવ્યો હતો. પકડાયેલો આરોપી શ્રવણકુમાર ચુનારામ બિશ્નોઈ (ઉમર 41), હાલ નાશીકનો રહેવાસી તથા મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના સાંછોર તાલુકાના ખારવી ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. આરોપી સામે NDPS એક્ટ-1985 હેઠળ કલમ 8(સી), 15(સી) અને 29 મુજબના ગુના નોંધાયેલા છે. જેને પોલીસે ઝડપી પાડ્યો છે.

ડાંગનાં વાસુર્ણાની અંબિકા નદીનાં પટમાં પિતૃશ્રાદ્ધ

ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં વાસુર્ણા ગામ નજીકથી પસાર થતી અંબિકા નદીનાં પટમાં વાંસદાનાં કંડોલપાડાનાં જ્યોતિશાચાર્ય અને કર્મકાંડી હિરેન પંડ્યાનાં સાંનિધ્યમાં આજુબાજુ ગામનાં ચારસોથી વધુ આદિવાસીઓએ પિતૃશ્રાદ્ધ કર્યુ હતુ. જ્યોતિષ આચાર્યએ જણાવ્યું હતું કે હિન્દૂ ધર્મની માન્યતા પ્રમાણે અને ધર્મ શાસ્ત્રો અને ગરુડ પુરાણ અનુસાર ધર્મરાજ યમદેવનાં આદેશથી પિતૃ લોકથી શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પોતપોતાના ઘરે કોઈ પણ સ્વરૂપમાં સૂક્ષ્મ રીતે પરોક્ષ યા પ્રત્યક્ષ આ દિવસે તૃપ્ત થવાના આશયથી શ્રાદ્ધ ભોજન ગ્રહણ કરવા પોતાના કુટુંબીજનો પાસે આવે છે, જે તેમની આશા પુરી થતા તે સંતુષ્ટ થઈ તૃપ્તિ અનુભવી ખૂબ જ આશીર્વાદ આપે છે, માટે જ તે પિતૃ દેવોનાં આત્માની શ્રેષ્ઠ સદગતિ તેના ક્રમ પ્રમાણે થાય છે માટે આ હેતુથી શ્રાદ્ધ પર્વમાં શ્રાદ્ધ કરવાનો મહિમા વર્ણવ્યો છે. ધર્મ શાસ્ત્રોમાં શ્રાદ્ધને પરમ પુણ્ય કર્મ ગણેલું છે જેમાં શ્રદ્ધા રાખી પરિવારના મૃતક પૂર્વજોની આત્માની શાંતિ માટે સ્થાનિક આદિવાસી લોકો દ્વારા શ્રાદ્ધ કર્મ કરવામાં આવ્યુ હતુ.

'ઉધારીના પૈસા ચૂકવી દો' કહેતા બેને 3 ઈસમે ફટકાર્યા

વાપીના ડુંગરામાં ઉધારી આપવાની ના પાડનાર દુકાનદાર અને ભાઈને મારી નાખવાની ધમકી

વાપી : વાપી ડુંગરાની ચાલીમાં આવેલા દુકાનદાર પાસે ઉધારી ખરીદી કરવા ગયેલા ઈસમને ના પાડતા અન્ય સાથીને બોલાવી ત્રણ ઈસમે ભેગા મળી દુકાનદાર અને તેના ભાઈને માર માર્યો હતો અને દુકાનમાં તોડફોડ કરી હતી. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ડુંગરા સાયરાનગરમાં આવેલી ચાલીમાં પ્રેમચંદ ભોજપ્રસાદ ગુપ્તા (ઉ.59) રહે છે અને તેઓની કરિયાણાની દુકાન છે. ગત તા.13-9-25 ના રોજ રાબેતા મુજબ કરિયાણાની દુકાન ખોલી હતી. રાત્રીના સાડા આઠેક વાગ્યાની આસપાસ તેઓની ચાલીમાં રહેતો સુનિલ દુકાનમાં ઉધારી ખરીદી કરવા માટે આવ્યો હતો.

અગાઉ ઉધારીના પૈસા બાકી હોવાથી દુકાનદારે જણાવ્યું કે, ઉધારીના પૈસા ચૂકવી અમારી રૂમ ખાલી કરી દો. જે બાદ તેઓ બાજુની દુકાને ગયો હતો અને ત્યાંથી જયપ્રકાશ મિશ્રા અને રાહુલસીંગ સાથે આવ્યો હતો અને દુકાનદારને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. જેને છોડાવવા દુકાનદારનો નાનો ભાઈ દિનેશ આવતા તેને પણ રાહુલે લાકડી માથાના ભાગે મારી દઈ ઈજાગ્રસ્ત કર્યો હતો અને દુકાનમાં તોડફોડ કરી હતી અને પોલીસ ફરિયાદ કરવા જશો તો જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી.

ઈજાગ્રસ્ત દિનેશને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. આ બનાવમાં મારામારી કરનારા (1) સુનિલ (રહે. ડુંગરા, સાયરાનગર) (2) જયપ્રકાશ મિશ્રા અને (3) રાહુલસિંગ સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં પ્રેમચંદ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ જિલ્લામાં તલાટીની પરીક્ષામાં 7269 ઉમેદવાર ગેરહાજર

વલસાડ : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત મહેસૂલ તલાટીની સીધી ભરતીની પ્રાથમિક પરીક્ષા રવિવારે વલસાડ જિલ્લાના વલસાડ અને વાપીના કુલ 54 પરીક્ષા કેન્દ્ર પર યોજાઈ હતી. પરીક્ષામાં કુલ 19,352 ઉમેદવાર નોંધાયા હતા. જે પૈકી 12,083 ઉમેદવાર હાજર રહ્યા હતા, જ્યારે 7,269 ઉમેદવાર પરીક્ષા આપવા માટે હાજર રહ્યા ન હતા. રવિવારે વહેલી સવારથી જ પરીક્ષા કેન્દ્રો ઉપર ઉમેદવારો ઉમટી પડ્યા હતા. ઉમેદવારોને બાયોમેટ્રિક વેરીફિકેશન બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા બપોરે 2 થી 5 દરમિયાન લેવાઈ હતી.

11 મા ધોરણમાં ભણતી સગીરાનું મહિનાઓ સુધી શારીરિક શોષણ

વિજલપોરમાં લગ્નની લાલચ આપી દુષ્કર્મ કરનારા નરાધમની બાજીપુરાથી ધરપકડ

નવસારી : વિજલપોરમાં લગ્નની લાલચ આપીને ઉત્તર પ્રદેશના એક નરાધમે સગીરાનું છ-છ મહિના સુધી શારીરિક શોષણ કર્યું હતું. સગીરાના પરિવારને દુષ્કર્મની જાણ થતાં પોલીસ ફરિયાદ બાદ નરાધમની બાજીપુરાથી ધરપકડ કરવામાં આવી હતી.

ઉત્તર પ્રદેશના રામસીતા ગામનો વતની એવો 20 વર્ષનો અજય રામ નિષદે છેલ્લા ચાર વર્ષથી નવસારીમાં રહીને ટાઈલ્સ ફિટિંગનું કામ કરે છે. તેણે 11 મા ધોરણમાં ભણતી વિજલપોરની એક સગીરાને લગ્નની લાલચ આપીને ફસાવી હતી. એ છેલ્લા 6 મહિનાથી સગીરાને લગ્નની લાલચ આપીને શારીરિક શોષણ કરતો હતો. દરમિયાન ગઈ 10 મી સપ્ટેમ્બરે આરોપી સગીરા સાથે દુષ્કર્મ કરતો હતો, ત્યારે સગીરાના પરિવારને તેની જાણ થતાં પરિવારે વિજલપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ નોંધાતા આરોપી અજય રામ નિષદે તેના ઓળખીતાના ઘરે બાજીપુરા ભાગી ગયો હતો. જો કે પોલીસે ટેક્નિકલ સર્વેલન્સથી તેનું લોકેશન શોધી કાઢીને આરોપી બાજીપુરા રહેતો હોવાની જાણ મેળવી હતી.

આ માહિતી મળતાં જ વિજલપોર પોલીસ મથકના પીએસઆઈ એચ.એસ.પટેલ, કોન્સ્ટેબલ જગદીશ સેન અને કોન્સ્ટેબલ પરિમલ ગામીતની ટીમે બાજીપુરાથી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી અજય નિષદે સામે પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભીલાડ રેલવે ફાટક 10 દિવસ માટે બંધ રહેશે

મેન્ટેનન્સના કામને લઈને ફાટક બંધ રહેતા વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડશે

ઉમરગામ : રીપેરીંગ મેન્ટેનન્સ કામને લઈ સતત ટ્રાફિકથી વ્યસ્ત ભીલાડ રેલવે ફાટક 10 દિવસ માટે તારીખ 14 સપ્ટેમ્બરથી તારીખ 23 સપ્ટેમ્બર સુધી બંધ રહેશે.

ઉમરગામ તાલુકામાં ભીલાડ સરીગામ ઉમરગામમાં અનેક ઔદ્યોગિક એકમો આવેલા છે. જેના કારણે નેશનલ હાઈવેથી સીધા મોટા વાહનો ભીલાડ ફાટક થઈને આવતા જતા હોય છે. ફાટક બંધ રહેવાના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડશે અને અન્ય માર્ગ તથા મોટો ચકરાવો લગાવવો પડશે. જેના કારણે ટ્રાફિક સમય અને પૈસાનો વ્યય થશે. ભીલાડ ફાટક ઉપર રીપેરીંગ મરામત કામને લઈને ફાટક દસ દિવસ બંધ રહેવાનો હોય સામાન્ય વાહન ચાલકોએ પણ હાલાકી વેઠવી પડશે. ભીલાડથી વાપી સુધી હાઈવે ઉપર પડેલા મોટા ખાડાઓને કારણે વાહન ચાલકો ખૂબ પરેશાન છે. ભીલાડ મલાવ માર્ગની હાલત પણ ખરાબ છે. દિવસ રાત વાહન ચાલકોએ જીવના જોખમે પસાર થવું પડે છે.

હોસ્ટેલમાં વિદ્યાર્થિનીનો આપઘાતનો પ્રયાસ

પારજીની સ્કૂલના શિક્ષક અને વિદ્યાર્થીઓ જોઈ જતાં દોડી જઇ વિદ્યાર્થિનીને હોસ્પિટલમાં દાખલ કરાવી

સગીરાએ આ પગલું કેમ ભર્યું, તે અંગે રહસ્ય

પારડી : પારડી GIDC ખાતે આવેલી એકલવ્ય સ્કૂલની હોસ્ટેલમાં શનિવારે સગીર વિદ્યાર્થિનીએ અગમ્ય કારણસર ફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. શનિવારે શાળામાંથી છૂટ્યા બાદ 12 વર્ષીય વિદ્યાર્થિની જમ્યા પછી તેના રૂમમાં ગઈ હતી. ત્યારે 1.45 વાગ્યાના અરસામાં અચાનક આ વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ લીધો હતો. જે દ્રશ્ય સ્કૂલના એક શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓએ જોઈ લેતા તેઓ તરત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. વિદ્યાર્થિનીને ફાંસામાંથી બહાર કાઢી પારડી હોસ્પિટલમાં દાખલ કરાવીને સારવાર શરૂ કરાવી દીધી હતી. હાલમાં વિદ્યાર્થિની અર્ધબેભાન હાલતમાં આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહી છે. આ 12 વર્ષીય દીકરીએ આ પગલું કેમ ભર્યું, તે અંગે હજુ પણ રહસ્ય બનેલું છે. આ ઘટનાની જાણ થતા પારડી પીએસઆઈ વસાવાએ હાથ ધરી છે. પોલીસ દ્વારા પ્રારંભિક તપાસમાં સ્કૂલ મેનેજમેન્ટ, શિક્ષકો અને સાથી વિદ્યાર્થીઓની પૂછપરછ કરવામાં આવી છે.

આ ઘટના બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને રેસિડેન્સી સ્કૂલોમાં પ્રવર્તતી દેખરેખ વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કરે છે. શૈક્ષણિક દબાણ, સામાજિક સમસ્યા કે પારિવારિક બાબતોમાંથી કયું કારણ રહ્યું હશે, તેની તપાસ હાલ ચાલી રહી છે. વિદ્યાર્થિનીની માતાને આ બાબતની જાણ થતા જ તેઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને પારડી પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

મુંબઈથી બે કાર ચોરનારા બે ગણદેવીમાં ઝડપાયા

મુંબઈનાં ઘાટકોપર અને ચેમ્બુરથી થયેલી બે ઇકો કારની ચોરીનો ભેદ ઉકેલાયો

નવસારી, બીલીમોરા : નવસારી એસઓજીએ બાતમીના આધારે મહારાષ્ટ્રમાંથી બે ઈકો કાર ચોરી કરનારાને ગણદેવી તાલુકામાંથી ઝડપી લીધા હતા.

નવસારી એસઓજીના અહેકો વિજયભાઈ અને વિનોદભાઈને બાતમી મળી હતી કે ગણદેવી નજીક ખારેલી ચોકડી પાસે આવેલી આનંદ વાટીકા ખાતે મારૂતિ ટ્રેડર્સ દુકાન પાસે ચોરીની બે ઈકો કાર પડેલી છે. આ પૈકીની એક ઈકો કાર મુંબઈના ઘાટકોપોર પોલીસ મથક વિસ્તારમાંથી અને બીજી ઈકો કાર મુંબઈના ચેમ્બુર પોલીસ મથક વિસ્તારમાંથી ચોરાયેલી હતી. બાતમી મુજબની કાર જોવા મળતાં તેનો કબ્જો લઈને 20 હજારના બે મોબાઈલ મળીને કુલ 4 લાખની બે ઈકો કાર સાથે આરોપીઓ ગણદેવી તાલુકામાં ખારેલ ચોકડી પાસેથી આનંદ વાટીકામાંથી પુનારામ ચૌધરી અને ખારેલ નજીકના મટવાડના હિદાયતનગરમાં રહેતા ઈસ્માઈલ સાઈને ઝડપી લીધા હતા. ગણદેવી પોલીસ મથકમાં કાયદેસરની કાર્યવાહી કરીને નવસારી એસઓજીએ વધુ તપાસ માટે ઘાટકોપોર અને ચેમ્બુર પોલીસ મથકને જાણ કરી હતી. આરોપી પૂનાજી ચૌધરી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેની વિરુદ્ધ નવસારી ગ્રામ્ય અને વલસાડ ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાઈ ચુકી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી) CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેબારએમ ટાવર્સ, આઝમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૮.૦૬.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. રામકુમાર મહાવીર ઝા ૨. ગૌરીદેવી રામકુમાર ઝા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૧૨,૮૭,૫૭૨.૯૮- (અંકે રૂપિયા બાર લાખ સત્યાસી હજાર પાચસો બોત્તેર અને અઠ્ઠાણુ પૈસા પુરા) તા.૧૮.૦૬.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવા